# શ્રી અંબાજીની આરતી

જય આદ્યા શકિત મ જય આદ્યા શકિત (૨)
અખંડ બ્રહ્માંડ નીપાવ્યાં (૨) પડવે પ્રગટયાં માં જયો જયો

દ્વિતિયા બેય સ્વરૂપ શીવ શકિત જાણું મા શીવ શકિત જાણું,
બ્રહ્મા ગણપતિ ગાયે(૨) હર ગાયે હાર મા, જયો જયો

તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા મા, ત્રિભુવનમાં બેઠા,
ગયા થકી તરવેણી (૨) તું તરવેણી મા, જયો જયો

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં મા (૨)
ચાર ભુજા ચૌદ દિશા (૨) પ્રગટયાં દક્ષિણમાં, જયો જયો

પંચમી પંચ ઋષિ, પંચમ ગુણ પદ્મા મા પંચમ (૨)
પંચ તત્વ ત્યાં સોહિયે (૨) પંચે તત્વો મા જયો જયો

ષષ્ઠિ તું નારાયણી, મહિષાસુર માર્યો મા મહિષાસુર (૨)
નર નારીના રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા. જયો જયો

સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી મા સંધ્યા (૨)
ગૌ ગંગા ગાયત્રી(૨) ગૌરી ગીતા મા જયો જયો

અષ્ટમી અષ્ટ ભુજા આઈ આનંદા મા આઈ આનંદા,
સુરનર મુનિવર જન્મ્યાં (૨) દેવ દૈત્યો મા. જયો જયો

નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા, મા સેવે નવ દુર્ગા
નવરાત્રિના પૂજન, શિવરાત્રિના અર્ચન કીધા હર બ્રહ્મા, જયો જયો

દશમી દશ અવતાર, જય વિજયા દશમી, મા જય વિજયા દશમી,
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા. જયો જયો

એકાદશી અગિયારશ, કાત્યાયની કામા, મા કાત્યાયની કામા,
કામ દુર્ગા કાલિકા(૨) શ્યામાને રામા. જયો જયો

બારશે બાળા રૂપ, બહુચરી અંબા મા,(૨)
બટુક ભૈરવ સોહિયે, કાળ ભૈરવ સોહિયે, તારા ચાચરમાં જયો જયો

તેરશે તુળજા રૂપ તું તારૂણી માતા, મા તું તારૂણી માતા,
બ્રહ્મા, વિષ્ણુ સદાશીવ(૨) ગુણ તારા ગાતા. જયો જયો

ચૈદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા મા(૨) ભાવ ભકિત કંઈ આપો,
પોતાનો કરી સ્થાપો, સિંહવાહિની માતા. જયો જયો

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા, મા સાંભળજો કરૂણા,
વશીષ્ઠ દેવે વખાણ્યાં (૨) ગાઈ શુભ કવિતા.
સંવત સોળ સત્તાવન, સોળસે બાવિસ માં(૨),
સંવત સોળે પ્રકટયાં(૨) રેવાને તીરે. જયો જયો

ત્રંબાવટી નગરી આઈ, રૂપાવટી નગરી, મા ત્રંબાવટી નગરી(૨)
સોળ સગસ્ત્ર ત્યાં સોહિયે (૨) ક્ષમા કરો ગૌરી. જયો જયો

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે, મા જે ભાવે ગાશે,
ભણે શિવાનંદ સ્વામિ (૨) સુખ સંપત્તી થાશે, કૈલાશે જાશે. જયો જયો

ભાવ ન જાણું, ભકિત ન જાણું નવ જાણું સેવા,
દાસ ઉપર દયા કરીને, રાખો તવ ચરણે રહેવા. જયો જયો